**ક્રમાંક : ૨**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**

**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**બીજુ સત્ર**

**મંગળવાર, તા. ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૧૮**

**અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદીના અધ્યક્ષપદે**
**સભાગૃહ સવારના ૯–૩૦ કલાકે ફરી મળ્યું.**

**૧. પ્રશ્નોત્તરી**

**(ક) તારાંકિત પ્રશ્નોત્તરી**

મંગળવાર, તા. ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૧૮ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ–૧, ૨ અને ૩ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ–૪ થી ૩૭૫ ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય સવારના ૧૦–૩૦ કલાકે પૂરો થયો.

**(ખ) અતારાંકિત પ્રશ્નોત્તરી**

માનનીય અધ્યક્ષશ્રીએ પહેલી, બીજી, ત્રીજી, ચોથી, પાંચમી, છઠ્ઠી, સાતમી, આઠમી, નવમી, દસમી, અગિયારમી, બારમી, તેરમી, ચૌદમી, પંદરમી અને સોળમી અતારાંકિત યાદી સભાગૃહના મેજ પર મૂકી.

**૨. માનનીય રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રીનું નિવેદન (નિયમ–૪૪)**

માનનીય રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ નિયમ–૪૪ હેઠળ મુંબઇ વિદેશી દારૂ નિયમો ૧૯૫૩ હેઠળ નિયત થયેલ ફોર્મ ફી તથા પ્રોસેસ ફીમાં સુધારો કરી હેલ્થ પરમિટની પ્રવર્તમાન નીતિને સખત બનાવવા બાબતનું નિવેદન રજૂ કર્યું અને તેમાંથી ઉપસ્થિત થયેલ પ્રશ્નના જવાબો આપ્યા.

**૩. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂકયા.

સન–૨૦૧૮નો વટહુકમ ક્રમાંક–૧–સન–૨૦૧૮નો ગુજરાત નગરપાલિકા(સુધારા)વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન

**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ**

**૪. વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત**

કામકાજ સલાહકાર સમિતિના બીજા અહેવાલની રજૂઆત

માનનીય અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિનો બીજો અહેવાલ વાંચીને રજૂ કર્યો.

**૫. માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો.

‘‘આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના બીજા અહેવાલ સાથે સંમત થાય’’

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.**

**૬. સરકારી વિધેયક**

(૧) માનનીય રાજ્યકક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ, સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૪૩–સન ૨૦૧૮નું ગુજરાત વિધાનસભાના સભ્યો, અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના, મંત્રીઓના અને વિરોધપક્ષના નેતાના પગાર અને ભથ્થાંને લગતા કાયદા (સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી નિરંજનભાઇ પટેલ

ચર્ચાનો જવાબ માનનીય રાજ્યકક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત પર મૂકવામાં આવ્યા અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨, કલમ–૧, અનુસૂચિ, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨, કલમ–૧, અનુસૂચિ, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

**૭. વટહુકમ નામંજૂર કરતો પ્રસ્તાવ અને સરકારી વિધેયક**

(૧) (ક) સભ્યશ્રી ઇમરાન ખેડાવાલાએ સન ૨૦૧૮નો વટહુકમ ક્રમાંક–૧ સન ૨૦૧૮નો ગુજરાત નગરપાલિકા (સુધારા) વટહુકમ નામંજૂર કરતો પ્રસ્તાવ રજૂ કર્યો.

(ખ) માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૩૮–સન ૨૦૧૮નું ગુજરાત નગરપાલિકા (સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો.

ત્યારબાદ સભ્યશ્રી ઇમરાન ખેડાવાલાએ વટહુકમ નામંજૂર કરતા પ્રસ્તાવના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે વિધેયકના પહેલા વાચનના પ્રસ્તાવના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું. (ક્રમશઃ)

**(વિરામ સવારના ૧૧–૩૦ થી બપોરના ૧૨–૦૦)**

વિરામ બાદ નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે તેમનું અધૂરું રહેલ પ્રવચન પૂર્ણ કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી કિરીટકુમાર પટેલ
(૨) શ્રી હસમુખભાઇ પટેલ
(૩) શ્રી લલીતભાઇ વસોયા
(૪) શ્રી સી. કે. રાઉલજી
(૫) શ્રી બ્રીજેશ મેરજા

ચર્ચાનો જવાબ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ, પ્રથમ વટહુકમ નામંજૂર કરતો પ્રસ્તાવ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ પહેલા અને બીજા વાચનના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ ૨ થી ૨૫, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ ૨ થી ૨૫, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

(૨) માનનીય રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ, સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૪૦–સન ૨૦૧૮નું ફોજદારી કાયદો (ગુજરાત સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) ડો. અનિલ જોષીયારા
(૨) ડો. નીમાબેન આચાર્ય

**૮. સભાગૃહની બેઠકના નિયત સમયમાં ફેરફાર કરવા અંગે**

મુખ્ય દંડક શ્રી પંકજભાઇ દેસાઇએ, સભાગૃહના નિયત સમયમાં ફેરફાર કરી, વિરામનો સમય બપોરના ૨–૦૦ થી ૨–૩૦ સુધીનો રાખી પ્રથમ બેઠકનું કામકાજ પૂરું થાય ત્યાં સુધી પ્રથમ બેઠકનો સમય લંબાવવા અને પ્રથમ બેઠકનું કામકાજ પૂરું થયા બાદ દસ મિનિટના વિરામ બાદ બીજી બેઠકનું કામકાજ હાથ ધરવા અંગેનો પ્રસ્તાવ રજૂ કર્યો, જેને વિરોધપક્ષના દંડક શ્રી અશ્વિનભાઇ કોટવાલે સમર્થન આપતા તદ્અનુસાર સભાગૃહની બેઠકના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો.

**૯. વટહુકમ નામંજૂર કરતો પ્રસ્તાવ અને સરકારી વિધેયક (ક્રમશઃ)**

ત્યારબાદ નીચેના વધુ સભ્યશ્રીએ ચર્ચામાં ભાગ લીધો.

(૩) શ્રી હિંમતસિંહ પટેલ

**(વિરામ બપોરના ૨–૦૦ થી ૨–૩૦)**

વિરામ બાદ નીચેના વધુ સભ્યોએ ચર્ચામાં ભાગ લીધો.

(૪) શ્રીમતી સંગીતાબેન પાટીલ
(૫) શ્રી ધવલસિંહ ઝાલા
(૬) શ્રીમતી સીમાબેન મોહિલે

ચર્ચાનો જવાબ માનનીય રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત ઉપર મૂકવામાં આવ્યા અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

**કલમ ૨ ઉપરનો સુધારો**

મુખ્ય દંડકશ્રી પંકજભાઇ દેસાઇએ કલમ–૨ ઉપરનો તેમનો સુધારા ક્રમાંક–૧ રજૂ કર્યો.

ત્યારબાદ સુધારા ક્રમાંક–૧ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ સુધારેલી કલમ ૨ મત ઉપર મૂકવામાં આવી અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

સુધારેલી કલમમ–૨ વિધેયકનો ભાગ બની.

**કલમ ૩ ઉપરનો સુધારો**

મુખ્ય દંડકશ્રી પંકજભાઇ દેસાઇએ કલમ–૩ ઉપરનો તેમનો સુધારા ક્રમાંક–૨ રજૂ કર્યો.

ત્યારબાદ સુધારા ક્રમાંક–૨ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ સુધારેલી કલમ–૩ મત ઉપર મૂકવામાં આવી અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

સુધારેલી કલમ–૩ વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

(૩) માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૩૯, સન ૨૦૧૮નું ગુજરાત માલ અને સેવા વેરા (સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી પરેશભાઇ ધાનાણી (વિરોધપક્ષના નેતાશ્રી)
(૨) શ્રી સૌરભભાઇ પટેલ (ઉદ્યોગ મંત્રીશ્રી)
(૩) શ્રી દુષ્યંતભાઇ પટેલ
(૪) ડો. આશાબેન પટેલ
(૫) શ્રી કનુભાઇ દેસાઇ
(૬) શ્રી લલીતભાઇ કગથરા
(૭) શ્રી પૂર્ણેશ મોદી
(૮) શ્રી જીતુભાઇ વાઘાણી

ચર્ચાનો જવાબ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ ૨ થી ૩૧, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ ૨ થી ૩૧, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

(૪) માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૩૭–સન ૨૦૧૮નું ગુજરાત માલિકી ફલેટ (સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી શૈલેષભાઇ પરમાર
(૨) શ્રી વિવેક પટેલ
(૩) ડો. અનિલભાઇ જોષીયારા
(૪) શ્રી ગોવિંદભાઇ પટેલ
(૫) શ્રી વિરજીભાઇ ઠુમ્મર
(૬) શ્રી રાકેશ શાહ

(૭) શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા

ચર્ચાનો જવાબ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત ઉપર મૂકવામાં આવ્યા અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમવાર વાચન

ત્યારબાદ કલમ ૨ થી ૪, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨ થી ૪, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

**સભાગૃહ બીજી બેઠક માટે સાંજના ૬–૫૫ વાગ્યે ફરી મળવા માટે સાંજના ૬–૩૫ વાગ્યે મુલતવી રહ્યું.**

**બીજી બેઠક**

**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદીના અધ્યક્ષસ્થાને**

**સભાગૃહ સાંજના ૬–૫૫ વાગ્યે ફરી મળ્યું.**

**૧. તારાંકિત પ્રશ્નોત્તરી**

તારાંકિત પ્રશ્ન અગ્રતાક્રમ ૧, ૨ અને ૪ ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

સભાગૃહમાં ગેરહાજર રહેલ સભ્યશ્રીનો પ્રશ્ન અગ્રતાક્રમ ૩ ને અતારાંકિત ગણવામાં આવ્યો.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૫ થી ૩૪૩ને અતારાંકિત ગણવામાં આવ્યા.

**૨. મંત્રીમંડળમાં અવિશ્વાસ વ્યકત કરતો પ્રસ્તાવ**

સભ્યશ્રી શૈલેષભાઇ પરમારે વિધાનસભાના નિયમોના નિયમ ૧૦૬ અન્વયે મંત્રી મંડળમાં અવિશ્વાસ વ્યકત કરતો પ્રસ્તાવ રજૂ કરવા સભાગૃહની પરવાનગી માગી. જેના સમર્થનમાં ૧૭ કરતા વધુ સભ્યો પોતાની જગ્યા પર ઉભા થતા સભ્યશ્રીને પ્રસ્તાવ રજૂ કરવાની પરવાનગી આપવામાં આવી.

આ તબક્કે માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, પ્રસ્તાવ ઉપર નિયમોની જોગવાઇ પ્રમાણે ચર્ચાને કોઇ અવકાશ જ નથી ત્યારે આ પ્રસ્તાવ લાવવાની પરવાનગી શા માટે માગવામાં આવી તે સભ્યશ્રીએ સભાગૃહને જણાવવું જોઇએ.

સભ્યશ્રી શૈલેષભાઇ પરમારે જણાવ્યું કે નિયમ ૧૦૬ મુજબ આ સભાગૃહમાં અગાઉ ૨૮ વખત આવી દરખાસ્ત રજૂ થયેલ છે, અગાઉ પણ છઠ્ઠી વિધાનસભામાં સભ્યશ્રી મકરંદભાઇ દેસાઇએ આવી દરખાસ્ત રજૂ કરી હતી.

**૩. પોઇન્ટ ઓફ ઓર્ડર**

માનનીય રાજય કક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરતા જણાવ્યું કે માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે પોઇન્ટ ઓફ ઇન્ફરમેશનનો મુદ્દો ઉભો કર્યો હતો જેનો સુસંગત જવાબ આપવાને બદલે સભ્યશ્રી શૈલેષભાઇ આ મુદ્દાને ભૂતકાળ સાથે જોડીને અન્ય વાત કરી રહ્યા છે. નિયમ પ્રમાણે પ્રસ્તાવ રજૂ કરવાની સભાગૃહની અનુમતિ પછી દરખાસ્ત દાખલ થયેલી છે એટલે એ વિષય પૂરો થયો છે. જયારે માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે ૩ દિવસ પછી અને ૭ દિવસ પહેલા પ્રસ્તાવ પર ચર્ચા થઇ શકતી નથી ત્યારે જે રીતે ભૂતકાળના પ્રસંગો ટાંકીને વર્તમાન સંજોગોમાં વાત કરે છે તે યોગ્ય નથી

પોઇન્ટ ઓફ ઓર્ડરનો વિરોધ કરતા વિરોધપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણીએ જણાવ્યું કે, નિયમ ૧૦૬ મુજબ ૧૭ થી વધુ સભ્યો સમર્થન કરે તો પ્રસ્તાવ રજૂ કરવાની પરવાનગી મળે છે. અહીં તો સમગ્ર કોંગ્રેસ પક્ષના તમામ સભ્યોએ સમર્થન આપ્યું છે, નિયમની જોગવાઇ મુજબ સભાગૃહના નેતા જો વિનંતી કરે તો અધ્યક્ષ આની ચર્ચા વહેલી પણ આપી શકે છે. આ રીતે અગાઉ ૩ વખત ચર્ચા પણ થયેલી છે.

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું કે આ દરખાસ્ત કયા સંજોગોમાં દાખલ થઇ છે તે સંજોગો વિરોધપક્ષના નેતાએ સભાગૃહમાં જણાવવા જોઇએ.

વિરોધપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણીએ જણાવ્યું કે ૩ વખત આવી દરખાસ્ત ઉપર માનનીય મુખ્યમંત્રીશ્રીએ મોટું મન રાખીને ચર્ચા આપી છે અને અત્યારે ગૃહના નેતાએ ભારતીય જનતા પાર્ટીના સભ્યોનો વિશ્વાસ ગુમાવી દીધો છે. તેથી ચર્ચા આપવી જોઇએ.

માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ જણાવ્યું કે નિયમોની જોગવાઇ મુજબ જયારે ૩ દિવસથી ઓછા નહીં અને ૭ દિવસથી વધુ નહીં એ સ્થિતિ તો છે જ નહીં ત્યારે નિયમ મુજબ ચર્ચાને અવકાશ નથી. બીજું એવું પણ નથી કે આ સભાગૃહમાં અમે લોકોએ બહુમતી ગુમાવી દીધી છે. ગુજરાતની ચૂંટણીના પરિણામો આવ્યા તેને ૮ મહિના થયા છે અમોને ગુજરાતની જનતાએ સેવા કરવા અહીં બેસાડયા છે અને ગુજરાતની જનતા તમારી સાથે નથી આ સ્પષ્ટ વાત છે.

માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે આ બાબતમાં નિયમ–૧૦૬ની જોગવાઇનો ભંગ થતો નથી.

**૪. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

નીચે જણાવેલો કાગળો તેની નીચે જણાવેલ મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મુકયા.

(૧) (ક) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૬-૧૭ના વર્ષનો ઓડિટ અહેવાલ (જાહેર ક્ષેત્રના ઉપક્રમો) (અંગ્રેજી તથા ગુજરાતી)

(ખ) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૬-૧૭ના વર્ષનો ઓડિટ અહેવાલ (સામાન્ય અને સામાજિક ક્ષેત્ર) (અંગ્રેજી તથા ગુજરાતી)

(ગ) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૬-૧૭ના વર્ષનો ઓડિટ અહેવાલ (સ્થાનિક સંસ્થાઓ) (અંગ્રેજી તથા ગુજરાતી)

**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ**

(૨) ગુજરાત સ્ટેટ એવીએશન ઇન્ફ્રાસ્ટ્રકચર કંપની લિમિટેડનો સન ૨૦૧૫-૧૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન.

**માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા**

(૩) ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૬-૧૭નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન.

**માનનીય વન મંત્રીશ્રી ગણપતભાઇ વસાવા**

(૪) ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૪-૧૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન.

**માનનીય કુટિર ઉદ્યોગમંત્રીશ્રી જયેશભાઇ રાદડીયા**

(૫) ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૩-૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન.

**માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ઇશ્વરભાઇ પરમાર**

**૫. સભ્યશ્રીનું સસ્પેન્શન અને સભાત્યાગ**

માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ઇશ્વરભાઇ પરમાર કામકાજની યાદીમાંની બાબત ૩ ની પેટા બાબત ૫ પરનો અહેવાલ રજૂ કરી રહ્યા હતા તે દરમિયાન વિરોધપક્ષ કોંગ્રેસના સભાગૃહમાં ઉપસ્થિત સભ્યશ્રીઓ પોતાની બેઠક ઉપર ઉભા થઇને સૂત્રોચ્ચાર કરતા કરતા પોતાની બેઠક છોડીને આગળની બેઠકની વચ્ચે આવી ગયા. માનનીય અધ્યક્ષશ્રીએ તેઓને પોતાની બેઠક પર જવાની વારંવાર સૂચનાઓ આપવા છતાં કેટલાંક સભ્યો વેલમાં બેસીને સૂત્રોચ્ચાર કરવા લાગતા માનનીય અધ્યક્ષશ્રીએ વેલમાં આવેલા તમામ સભ્યશ્રીઓને સભાગૃહની બહાર લઇ જવા સાર્જન્ટને આદેશ કરતા, તદ્અનુસાર સાર્જન્ટ દ્વારા વેલમાં આવેલા તમામ સભ્યશ્રીઓને સભાગૃહની બહાર લઇ જવામાં આવ્યા.

ત્યારબાદ સભાગૃહમાં ઉપસ્થિત કોંગ્રેસ પક્ષના બાકીના સભ્યશ્રીઓ સભાગૃહ છોડી ગયા.

**૬. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો (ક્રમશઃ)**

(૬) ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમનો સન ૨૦૧૨-૧૩નો વાર્ષિક વહીવટી અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન.

**માનનીય વાહનવ્યવહાર મંત્રીશ્રી આર. સી.ફળદુ**

(૭) ગુજરાત આદિજાતિ વિકાસ નિગમનો સન ૨૦૧૫-૧૬નો વાર્ષિક અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન.

**માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી ગણપતભાઇ વસાવા**

(૮) ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડનું સન ૨૦૧૮-૧૯ના વર્ષનું અંદાજપત્ર તથા સન ૨૦૧૭-૧૮ના વર્ષનું સુધારેલ અંદાજપત્ર.

**માનનીય ગ્રામ ગૃહ નિર્માણ મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળીયા**

(૯) ગુજરાત તકેદારી આયોગનો સન ૨૦૧૭નો વાર્ષિક અહેવાલ.

**માનનીય રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા**

(૧૦) ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગનો સન ૨૦૧૬-૧૭નો વાર્ષિક અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન.

**માનનીય રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા**

(૧૧) ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો સન ૨૦૧૭-૧૮નો વાર્ષિક અહેવાલ.

**માનનીય રાજયકક્ષાના પર્યાવરણ મંત્રીશ્રી જયદ્રથસિંહ પરમાર**

(૧૨) ગુજરાત ઔદ્યોગિક મૂડી રોકાણ નિગમ લિમિટેડનો સન ૨૦૧૫–૧૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન.

**ઉદ્યોગ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ**

(૧૩) દહેજ સેઝ લિમિટેડનો સન ૨૦૧૬–૧૭નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન.

**ઉદ્યોગ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ**

(૧૪) આલ્કોક એશડાઉન (ગુજરાત) લિમિટેડનો સન ૨૦૧૬–૧૭નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન.

**ઉદ્યોગ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ**

(૧૫) ગુજરાત રાજય માહિતી આયોગનો સન ૨૦૧૬–૧૭નો વાર્ષિક અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન.

**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ**

(૧૬) ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડનો સન ૨૦૧૭–૧૮નો વાર્ષિક વહીવટી અહેવાલ.

**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ**

(૧૭) ગુજરાત રાજયના લોકાયુકતના સન ૨૦૧૩–૨૦૧૪નો એકત્રિત અહેવાલ, ૨૦૧૪–૨૦૧૫, ૨૦૧૫–૨૦૧૬, ૨૦૧૬–૨૦૧૭, ૨૦૧૭–૨૦૧૮ના વાર્ષિક અહેવાલો તથા સ્પષ્ટીકરણાત્મક આવેદનો તેમજ સન ૨૦૧૭–૧૮ સિવાયના તમામ ઉકત અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન.

**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ**

(૧૮) ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનો સન ૨૦૧૬–૨૦૧૭નો વાર્ષિક હિસાબ અને તપાસણી અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન.

**ઉદ્યોગ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ**

(૧૯) ધોલેરા સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટીનો સન ૨૦૧૬–૨૦૧૭નો વાર્ષિક અહેવાલ અને હિસાબો તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન.

**ઉદ્યોગ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ**

(૨૦) માંડલ–બેચરાજી સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટીનો સન ૨૦૧૬–૨૦૧૭નો વાર્ષિક અહેવાલ અને હિસાબો તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન.

**ઉદ્યોગ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ**

(૨૧) ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ બોર્ડનો સન ૨૦૧૬–૧૭નો વાર્ષિક અહેવાલ અને હિસાબો તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન.

**ઉદ્યોગ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ**

(૨૨) સન ૧૯૬૩ના ગુજરાત રાજય બાંયધરી અધિનિયમ અન્વયે,

(ક) નાણાકીય વર્ષ ૨૦૧૭–૧૮ના વર્ષ દરમ્યાન સરકારે આપેલી બાંયધરીની વિગતો દર્શાવતું પત્રક–૧.

(ખ) બાંયધરી આપનારની રૂએ સંસ્થા વતી નાણાકીય વર્ષ ૨૦૧૭–૧૮ દરમ્યાન સરકારે ચુકવેલ રકમની વિગતો દર્શાવતું પત્રક–૨.

(ગ) બાંયધરી આપનારની રૂએ સંસ્થા વતી અગાઉના વર્ષોમાં ચુકવેલ રકમની નાણાકીય વર્ષ ૨૦૧૭–૧૮ દરમ્યાન સંસ્થાઓ પાસેથી કરેલ વસુલાતોની વિગતો દર્શાવતું પત્રક–૩.

**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ**

(૨૩) ગુજરાત વિદ્યુત ઉદ્યોગ (પુનર્ગઠન અને નિયમન) અધિનિયમ, ૨૦૦૩ અન્વયેનું ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનું તા.૧૪/૦૩/૨૦૧૮નું જાહેરનામું ક્રમાંકઃ જીએચયુ–૨૦૧૮–૧૭–જીઆરસી–૧૫–૨૦૧૬–૨૨૬૭–કે.

**માનનીય ઊર્જા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ**

(૨૪) સન ૧૯૭૨ના ગુજરાત આવશ્યક સેવા જાળવણી અધિનિયમ અન્વયેનું ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનું તા.૭–૮–૨૦૧૮નું જાહેરનામા ક્રમાંક–જીએચયુ–૨૦૧૮–(૫૫)–જીયુવી–૧૧૨૦૧૦–૨૨૬૧– ક(પાર્ટ ફાઇલ)

**માનનીય ઊર્જા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ**

(૨૫) સન ૨૦૧૩ના રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ અન્વયેના અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગના
(૧) તા.૧૮–૯–૨૦૧૭ના જાહેરનામા ક્રમાંક–જીટીએચ/૨૦૧૭/૨૩/ પીડીએસ/૧૦૨૦૧૬/ ૨૫૭૨/ક–૧.
(૨) તા.૧૬–૧–૨૦૧૮ના જાહેરનામા ક્રમાંક–જીટીએચ/૨૦૧૮/૨/પીડીએસ/૧૦૨૦૧૬ /૨૦૮૫/ક–૧.
(૩) તા.૧૦–૫–૨૦૧૮ના જાહેરનામા ક્રમાંક–જીટીએચ/૨૦૧૮/૧૪/પીડીએસ/૧૦૨૦૧૮/ ૧૭૫/ સી–૧.

તેમજ ઉકત ક્રમાંક (૧) અને (૨) પરના જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન.

**માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી જયેશભાઇ રાદડીયા**

**૭. અનુમતિ મળેલ વિધેયકો**

સચિવશ્રીએ, તેરમી ગુજરાત વિધાનસભાના સાતમાં સત્રમાં વિધાનસભાએ પસાર કરેલ અને જેને રાષ્ટ્રપતિની અનુમતિ મળી છે તેવું સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૨૮ અને અગિયારમાં સત્રમાં પસાર કરેલ સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૩૦ તથા ચૌદમી ગુજરાત વિધાનસભાના પહેલા સત્રમાં પસાર કરેલાં અને જેને રાજયપાલશ્રીની અનુમતિ મળી છે તેવા સન ૨૦૧૮ના વિધેયક ક્રમાંક–૨૫, ૨૬, ૨૮, ૨૯ અને ૩૫ સભાગૃહના મેજ ઉપર મૂકયા.

**૮. સભ્યશ્રીના રાજીનામા અંગે માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત (નિયમ–૨૬૯)**

માનનીય અધ્યક્ષશ્રીએ નિયમ–૨૬૯ અન્વયે જસદણ મત વિસ્તારના સભ્યશ્રી કુંવરજીભાઇ બાવળીયાએ આપેલ રાજીનામાનો સ્વીકાર કરવા અંગેની જાહેરાત કરી.

**૯. સમિતિના અહેવાલની રજૂઆત**

(૧) જાહેર સાહસો માટેની સમિતિના અહેવાલો

જાહેર સાહસો માટેની સમિતિના માનનીય સભ્યશ્રી વલ્લભભાઇ કાકડીયાએ સમિતિનો પહેલો, બીજો અને ત્રીજો અહેવાલ રજૂ કર્યો.

(૨) સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિનો અહેવાલ

સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના પ્રમુખશ્રી મહેશભાઇ રાવલે સમિતિનો પહેલો અહેવાલ રજૂ કર્યો.

**૧૦. સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના પ્રમુખશ્રીનો પ્રસ્તાવ**

સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના પ્રમુખશ્રી મહેશભાઇ રાવલે નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો.

''આ સભાગૃહ, સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના પહેલા અહેવાલ સાથે સંમત થાય''.

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.**

**૧૧. સરકારી વિધેયકો**

(૧) માનનીય શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ, સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૪૨–સન ૨૦૧૮નું ગુજરાત બાયોટેકનોલોજી યુનિવર્સિટી વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત ઉપર મૂકવામાં આવ્યા અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

ત્યારબાદ કલમ ૨ થી ૪૪, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ ૨ થી ૪૪, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

(૨) માનનીય શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૪૧–સન ૨૦૧૮નું ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ (સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત ઉપર મૂકવામાં આવ્યા અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

ત્યારબાદ કલમ ૨ અને ૩, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ ૨ અને ૩, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

**૧૨. છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ–૧૦૨)**

સભ્યશ્રી મહેશભાઇ રાવલે પછાત વર્ગોના ઉત્કર્ષ અને ન્યાય આપવા માટે નેશનલ કમિશન ફોર બેકવર્ડ કલાસીસ નામના આયોગને સંવૈધાનિક દરજ્જો આપતો કેન્દ્ર સરકારે લીધેલ નિર્ણયને ધ્યાને લઇ રાજ્ય સરકારે પણ પછાત વર્ગોના ઉત્કર્ષ માટે જરૂરી પગલાં લેવા માટે ચર્ચા વિચારણા કરવા બાબતનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ ચર્ચા પૂરી થઇ.

**૧૩. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો (નિયમ ૮૭ –ક)**

સચિવશ્રીએ, ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૮૭ (ક) અન્વયે ૩૬૯ અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો સભાગૃહના મેજ ઉપર મૂકયા.

**૧૪. સભાગૃહની બેઠક અનિશ્ચિત મુદત માટે મુલતવી રાખવા અંગે**

માનનીય અધ્યક્ષશ્રીએ સાંજના ૮–પર કલાકે વિધાનસભાના નિયમોના નિયમ ૯(૧) અન્વયે સભાગૃહની બેઠક અનિશ્ચિત મુદત માટે મુલતવી રાખી.

ત્યારબાદ ‘‘વંદેમાતરમ્’’ રાષ્ટ્રીય ગીતની ધૂન બજાવવામાં આવી.

**ગુજરાત વિધાનસભા સચિવાલય**
**ગાંધીનગર.**
**તા. ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૧૮**

**ડી. એમ. પટેલ**
**સચિવશ્રી**
**ગુજરાત વિધાનસભા સચિવાલય**